**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૬૫ ટકા

# દિપાવલીના આગમન ટાણે મોંઘવારીનો માર

## ગૃહિણીઓને રોવડાવશે ડુંગળી અને ટામેટાની કિંમતો : શહેરમાં શાકભાજીના ભાવ ડબલ, ફળો કરતાં પણ મોંઘા

ગાંધીનગર, તા.૧૭

પેટ્રોલ અને ડીઝલમાં તોતિંગ ભાવ વધારાને કારણે તમામ ચીજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે. મોંઘવારીએ માઝા મુકતા મધ્યમ અને ગરીબ વર્ગની હાલત કફોડી બની છે. મોંઘવારીની અસર માસિક ઘર ખર્ચના બજેટ પર પણ પડી છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધતાં ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધ્યો છે. ઉપરાંત લંબાયેલા ચોમાસા અને અનિયમિત વરસાદના કારણે શાકભાજી અને અનાજના ભાવ આસમાને પહોંચ્યા છે.

ડુંગળી અને ટામેટાં જેવા રોજિંદા વપરાશના શાકભાજીનો છૂટક બજારમાં ભાવ ૧૫થી ૨૦ ટકા જેટલો વધારો થયો છે. સાથે જ લીલા શાકભાજીના ભાવમાં પણ આટલો જ વધારો નોંધાયો છે. શાકભાજીનો હોલસેલ માર્કેટમાં ડુંગળીનો ભાવ ૩૮ રૂપિયા કિલો છે, જે છૂટક માર્કેટમાં ડબલ થઈ ગયો છે. છૂટક બજારમાં ડુંગળી ૭૦ રૂપિયે કિલો વેચાઈ રહી છે. આ જ પ્રકારે એક કિલો ટામેટાનો ભાવ ૯૦ રૂપિયા છે. ચોળી, ગવાર, ટીંડોળા, રીંગણ જેવા શાકભાજીના પ્રતિ કિલો ભાવ પણ આ જ પ્રમાણે વધી જવા પામ્યા છે. જેનું પ્રાથમિક કારણ ચોમાસાના અંતે આવેલો ભારે વરસાદ છે. ખેડૂતો સમયસર લણણી ન કરી શકયા અને ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. તદઉપરાંત પેટ્રોલ-ડીઝલની વધેલી કિંમતો પણ શાકભાજીના હોલસેલ અને રિટેલ ભાવમાં વધારાનું એક કારણ છે. નાસિકમાં ડુંગળીનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે. નાસિકથી ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ૨૦ ટકા જેટલો વધી ગયો છે. જેના કારણે ડુંગળીના હોલસેલ અને રિટેલ બંને ભાવમાં ખૂબ વધારો જોવા મળ્યો છે. આ જ પ્રકારની અસર અન્ય શાકભાજી પર પણ જોવા મળી રહી છે.

### શાકભાજીના પ્રતિ કિલોના ભાવ

| શાકભાજી | કિંમત (પ્રતિ કિલો) |
|---|---|
| ડુંગળી | ૭૦ |
| ટામેટા | ૯૦ |
| મરચાં | ૬૦ |
| ગવાર | ૮૦ |
| ફ્લાવર | ૭૦ |
| કાકડી | ૬૦ |
| ટીંડોળા | ૬૦ |
| કોથમીર | ૧૦૦ |
| આદુ | ૫૦ |
| ગલકા | ૫૦ |
| તૂરીયા | ૫૦ |
| દૂધી | ૪૦ |
| ભીંડા | ૪૦ |
| કોબીજ | ૪૦ |
| સરગવો | ૫૦ |



સાયકલોનિક વાતાવરણ ટામેટાના ભાવ વધવાનું એક કારણ છે. વરસાદના કારણે આ પાક એક મહિનો મોડો પાકયો છે. ઘણા વિસ્તારોમાં આ પાક જ નિષ્ફળ ગયો છે. ઘરમાં સૌથી વધારે વપરાતા શાકભાજી એટલે કે ડુંગળી અને ટામેટાંના ભાવ આસમાને આંબતા ગૃહિણીઓનું બજેટ તો ખોરવાયું છે સાથે જ રેસ્ટોરાંઓ, હોટલો, ખાણીપીણીના વ્યાપારમાં પણ તેની અસર દેખાઈ રહી છે. હવે તહેવારો નજીક છે. દીવાળીનો તહેવાર, ઈદ એ મિલાદ તહેવારોમાં આ બંને શાકના વપરાશમાં વધારો થવાનો છે.

હોલસેલ કિંમતે શાક ખરીદતાં હોટલોના માલિકોને પણ વધેલી કિંમતોનો માર સહન કરવો પડી રહ્યો છે. ટામેટાં, ડુંગળી અને બટાકા જેવા રોજિંદા વપરાશના શાકભાજીના ભાવ વધે છે ત્યારે તેની અસર રેસ્ટોરંટ પર દેખાય છે. આ શાકભાજીનો મોટા ભાગે ઉપયોગ ગ્રેવી, કરી, સલાડ અને અન્ય વાનગીઓ બનાવવામાં થાય છે. રોજ રસોઈમાં વપરાતા ધાણા ૧૬૦ રૂપિયા કિલોમાં વેચાઈ રહ્યા છે.



ગાંધીનગર સ્થિત સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર એકમ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાજસ્થાનના જેસલમેર પાસેની રામથનવાલા ચોકીથી કેવડિયા સુધીની ૭૨૩ કિમીની સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલીને રવિવારે સવારે ૧૧ કલાકે કેન્દ્રિય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી કૈલાસ ચૌધરી દ્વારા બીએસએફ ચંદીગઢના એડિશનલ ડાયરેકટર એન.એસ. જામવાલા તથા ગુજરાત ફ્રન્ટિયરના આઈજી જી.એસ. મલિત સહિત અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં લીલી ઝંડી દેખાવી પ્રસ્થાન કરાવાયું હતું. સાયકલ રેલીમાં મોટી સંખ્યામાં બીએસએફના જવાનો જોડાયાં છે.

# ગાંધીનગરના ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા ફોટોગ્રાફી-સિનેમેટોગ્રાફી વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા તા.૧૭મી ઓક્ટોબરના રોજ સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે ફોટોગ્રાફી અને સિનેમેટોગ્રાફી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પહેલા સેશનમાં મોટિવેશનલ સ્પીકર ડૉ. દીપ્તિબેન રાવલ દ્વારા ફોટોગ્રાફર મિત્રોને મોટિવેટ કરવામાં આવ્યા હતા. આ સાથે તેમના દ્વારા પર્સનલ સ્કિલ ડેવલોપમેન્ટ માટે ખુબ સારી ટીપ્સ આપવામાં આવી હતી.

ફોટોગ્રાફી વર્કશોપ અંતર્ગત રિધમ ગજ્જર દ્વારા દુલ્હન ડ્રેસમાં તૈયાર મોડેલની લાઈવ ડિફરેન્ટ લાઈટિંગ સાથે ફોટોગ્રાફી શીખવાડવામાં આવી હતી. પ્રણવભાઈ ત્રિવેદી દ્વારા સિનેમૅટિક વર્કશોપ લેવામાં આવ્યુ જેમાં તેમણે વેડિંગ સિનેમૅટિક ફિલ્મ તેમજ એડિટિંગ વિશે માહિતગાર કર્યા હતા. વર્કશોપમાં કેશર ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ફોટોગ્રાફર્સ મિત્રોના કેમેરા નિઃશુલ્ક સર્વિસ કરી આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉમંગ બ્યૂટી કેરના પૂનમસિંઘ, લોટસ ફોટો બુકના દશરથભાઈ, ગીતા ફોટો ગૂડ્સ અમદાવાદ, ફ્રેમપીક્સના કૌશિકભાઈ ગજ્જર, ચંદ્ર ફોટો સ્ટુડિયોના બિલ્લુભાઈ શર્મા, શ્રીનાથજી લાઈવના જયંતીભાઈ, વાસ્તુ ડિજિટલના રાજાભાઈ સહિત દરેક મિત્રોનો સારો સહકાર મળ્યો હતો.



# ગુરુકૃપા ફાઉન્ડેશન દ્વારા સેવાકાર્ય



ગુરૂકૃપા ફાઉન્ડેશન તરફથી સાધર્મિકને અનાજ કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. એક કીટ અંદાજીત ૨૦૦૦ ઉપરની થાય જેનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. દિવસેને દિવસે મોંઘવારી વધી રહી છે મધ્યમ વર્ગના માણસોને ઘરમાં કમાનાર વ્યકિત એક હોય અને ઘરમાં ખાવાવાળા વ્યકિત વધારે હોવાથી તેમને ઘર ચલાવવામાં ખૂબ તકલીફ પડતી હોય છે તેથી ગુરૂકપા ફાઉન્ડેશન આ સાધર્મિકોની મદદ માટે સેવાકાર્ય કર્યું હતું.




સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા વોર્ડ નંબર ૧૦ના ચૂંટાયેલા કોર્પોરેટરનું સ્વાગત પ્રમુખ જશવંત ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાસંગિક પ્રવચન કરીને શાલ આપવામાં આવી હતી.



નિર્મોહી આશ્રમ દ્વારા છેલ્લા છ વર્ષથી સેવા કાર્ય કરવામાં આવી રહ્યું છે ત્યારે જરૂરિયાતમંદોને ખીચડી વિતરણ કરવામાં આવી હતી. આ સેવાકાર્યમાં એડવોકેટ અશ્વિન ત્રિવેદી અને જાણીતા પત્રકાર મુકેશ પંડયા ઉપસ્થિત રહ્યા હતા.

# શોપીંગ માટે માનીતું સેકટર-૨૧ બન્યું ટ્રાફિક-પાર્કિંગની સમસ્યાનું સેકટર

## ફુટપાથ પર અડ્ડો જમાવતા લારીગલ્લાં અને ફેરિયાંઓથી માંડીને સેકટરમાં સ્વચ્છતાના અભાવની સમસ્યા : આખે આખો બગીચો ગાયબ થઈ જાય તેવા દબાણો અને બંધ સ્ટ્રીટલાઈટો સાથે વિકસી રહેલો રીંગરોડ વારંવાર અકસ્માતો સર્જી રહ્યો છે




ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓ સંપન્ન થઈ ગયા બાદ હવે મેયરની વરણી બાકી છે, મનપાના નવા સીમાંકનમાં જયાંથી અત્યાર સુધીના સૌથી વધુ મેયર શહેરને પ્રાપ્ત થયા છે તેવા વોર્ડનં.૫માં સમાવિષ્ટ સેકટર-૨૧ પાટનગરના પ્રારંભ કાળથી જ અનેરું મહત્વ ધરાવે છે કેમ કે શહેરમાં સૌથી પહેલા વિકસાવાયેલા શોપીંગ સેન્ટર્સમાં મુખ્ય જે બે શોપીંગ સેન્ટર્સ હતા તેમાં સેકટર-૨૧ના ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટર અને સેકટર-૧૬ના મધ્યસ્થ શોપીંગ સેન્ટરનો સમાવેશ થાય છે. આ સાથે ધારાસભ્યોના નવા નિવાસસ્થાન અને વિશ્રામગૃહ સહિત સચિવાલય જીમખાના ઉપરાંત વિકસેલા રીટેલ શાકભાજી માર્કેટ અને સીઝનેબલ ચીજવસ્તુઓના હંગામી બજાર માટે પણ જાણીતા સેકટર-૨૧માં વસ્તીભલે મર્યાદિત હતી પરંતુ ચહલપહલ હંમેશા સૌથી વધુ રહી છે. આ સેકટરમાં હજુ પણ વણ ઉકેલાયેલી સમસ્યાઓ સાથે હવે કેટલીક નવી સમસ્યાઓ પણ માથું ઉંચકી રહી છે.

પાટનગરની સ્થાપના પૂર્વેથી જયાં રાજરાજેશ્વર મહાદેવ બિરાજે છે, જેની બાજુમાં રાજશ્રી સિનેમાની ઓળખ હવે બદલાઈ ગઈ છે પણ ત્યાંથી શરૂ કરીને ગોવર્ધનનાથજીની હવેલી અને જુમ્મા મસ્જિદ જેવા ધાર્મિક સ્થળો સાથે સરકારી પેટ્રોલ પંપ સુધી સતત ધમધમતા રહેતા સે-૨૧માં સરકારી કર્મચારીઓ ઉપરાંત જૈનોની વસ્તી પણ નોંધપાત્ર સંખ્યામાં છે. મહાવીર સોસાયટીમાં વસતા દિગંબર જૈનોનું દેરાસર પણ શ્રધ્ધાનું કેન્દ્ર છે અને પાટનગરના મુળભૂત બાંધકામમાં વિકસાવાયેલા ૧૨ અન્ડરપાસ પૈકી એકમાત્ર ચાલુ હાલતમાં અન્ડરપાસ પણ સે-૨૧થી સચિવાલય પાસેના મીનાબજારને જોડે છે, જો કે આ અન્ડરપાસ પણ બિસ્માર સ્થિતિમાં આવી ચુકયા છે જેનું સત્વરે રિનોવેશન કરવામાં આવે તે જરૂર જણાઈ રહ્યું છે. સેકટર-૨૧માં સૌથી મોટી સમસ્યા જો કોઈ હોય તો તે સતત વધતા જતા હંગામી કોમર્શિયલ દબાણો અને તેના કારણે થઈ રહેતા ટ્રાફિક જામની છે. ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટર ખાતે ફુટપાથનું રિનોવેશન કાર્ય લગભગ પૂર્ણતાને આરે છે પરંતુ કોરોનાકાળની લાંબી મંદી બાદ આ વખતે દિવાળીની સીઝન સારી રહે તેવી આશા બંધાઈ છે ત્યારે હજુ પણ અધુરાં રહેલાં આ કાર્યથી મુલાકાતીઓને પડી રહેલી હાલાકીની સીધી અસર વેપાર ધંધા પર પડી રહી છે. અડચણરૂપ બની રહેલા ફૂટપાથ રિનોવેશનના કાર્યને પગલે સમગ્ર ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટરના વિસ્તારમાં વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. વળી સીઝનના સમયે શાકમાર્કેટમાં ટ્રાફિક નિયમન માટે પોલીસ દ્વારા મનસ્વી રીતે મુકવામાં આવતા બોરિકેડસને કારણે પણ મુખ્ય શોપીંગ સેન્ટરના વેપારીઓની ઘરાકીને અસર પડતી હોવાનું વેપારી વર્ગ માને છે. એક સમયે ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટરની શાન હતા તે ફુવારા તો લાંબા સમયથી બંધ જ છે પરંતુ તેના રિનોવેશનનું ટેન્ડર પણ બહાર પડી ચુકયું છે. જો કે ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટરમાં રાત્રીના સમયે બંધ રહેતી સ્ટ્રીટલાઈટસ ચોરી ચકારીના દૂષણને સાથ આપે છે. અહીં પાર્કિંગ લોટમાં ફેરિયાઓ અડ્ડો જમાવે છે જેના કારણે માત્ર રાહદારીઓને ચાલવાની તકલીફ જ પડતી નથી પરંતુ અસામાજિક પ્રવૃત્તિઓ પણ ફુલીફાલી રહી છે. જેમાં બહારગામથી આવતા વેપારીઓની વધતી સંખ્યા અને દાદાગીરીથી સ્થાનિક વેપારીઓ પણ પરેશાન છે.

હાલ સે-૨૧ના રીંગરોડને પહોળો કરીને ફોરલેન કરવાનું કાર્ય હાથ ધરાયું હતું. જે હજુ પણ લટકી રહ્યું હોવા સાથે ટ્રાફિક જામ તથા નાના મોટા અકસ્માતને નોંતરી રહ્યું છે. કેમકે પહેલા ડિવાઈડર બનાવી દેવાયા છે અને રોડના કે ડાયવર્ઝનના ઠેકાણાં નથી. એમએલએ કવાર્ટસ પાસેના ડિવાઈડર નજીક તો સ્ટ્રીટલાઈટો પણ બંધ હોવાથી રાત્રીના સમયે અકસ્માતની ઘટનાઓ છાશવારે બની રહી છે. માત્ર રીંગરોડ જ નહી પરંતુ સેકટરમાં વિવિધ વિકાસ કાર્યો માટે કરવામાં આવેલા ખોદકામમાં અપૂરતા માટી પુરાણથી વારંવાર વાહનો જમીનમાં ખૂંપી જવાના કિસ્સા પણ સર્જાઈ રહ્યા છે. સેકટર-૨૧ના શાકમાર્કેટમાં ભીડ જમા થવી તે તો રોજની વાત છે પરંતુ અહીં ચોમાસામાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ના હોવાથી બદતર સ્થિતિ સર્જાય છે. વળી સે-૨૧માં બનાવાયેલા જાહેર શૌચાલયોમાં સાફસફાઈનો અભાવ જોવા મળી રહ્યો છે. મોટો કોમર્શિયલ વિસ્તાર હોવાને કારણે ખાણીપીણીનું બજાર પણ સારા પ્રમાણમાં વિકસ્યું છે. પરંતુ અહીં ખુલ્લામાં બનતી ખાદ્ય સામગ્રી નાગરિકોના આરોગ્ય સામે ચિંતા કરાવે તેવી છે અને શાકમાર્કેટ પાસેના મટન માર્કેટ નજીક બારેમાસ ઉભરાતી ગટરથી ફેલાતી ગંદકી સતત જોખમમાં વધારો કરી રહી છે.

સે-૨૧માં અસ્વચ્છ અને અપૂરતા જાહેર શૌચાલયો સહિત સરકારી આવાસોના વિસ્તારમાં પણ સાફસફાઈ પ્રત્યે બેદરકારી ઉડીને આંખે વળગે તેવી છે. આ સ્થિતિમાં પાર્કિંગ લોટ અને ફુટપાથમાં અડ્ડો જમાવીને વિકસેલાં નાના મોટા વેપાર ધંધા તો મુશ્કેલી સર્જી રહ્યા જ છે પરંતુ પેટ્રોલ પંપ સામે વિકેસલા ઓટોમોબાઈલ સ્પેરપાર્ટસના બજારના દબાણો તો સે-૨૧નો આખે આખો બગીચો જ ગાયબ કરી ચુકયાં છે જે સેકટરનો એકમાત્ર બગીચો હતો. સે-૨૧નું જેટલું મહત્વ છે તેટલું તેની સમસ્યાઓને ઉકેલવા માટે તંત્ર દ્વારા આપવામાં નથી આવી રહ્યું તેનો અફસોસ અહીંના વસાહતીઓને છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

●●●

સે-૨૧ના ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટરમાં પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા તો માથાનો દુઃખાવો છે. પરંતુ દિવાળી જેવી ખરી સીઝનમાં ટ્રાફિક નિયમના નામે શાકમાર્કેટથી શોપીંગમાં આવવાનો કાયદેસરનો રસ્તો પણ બંધ કરી દેવાય છે જેના કારણે ધંધા પર અસર પડે છે. વળી, અહીં ફિશમાર્કેટ પાસે ઉભરાતી ગટરનો કે વધતા જતા ફેરિયાઓના ગેરકાયદેસર અડ્ડાને રોકવામાં આવતો નથી જે ચિંતાજનક છે.

**- ભાવેશ શુકલા**
**સેક્રેટરી, સે-૨૧, ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટર મર્ચન્ટ એસોસિએશન**

●●●

સે-૨૧માં વિદેશની પેટર્ન પર નવું પાર્કિંગ વિકસાવાઈ રહ્યું છે. પરંતુ ત્યાં દિવ્યાંગ વાહનચાલકો માટે સ્પેશિયલ અલગ વ્યવસ્થા અપાય અને તેમાં અન્ય કોઈ પાર્ક ના કરે તેવી વ્યવસ્થા કરવી અત્યંત જરૂરી છે. આ ઉપરાંત સેકટરમાં નિયમિત સ્વચ્છતા જાળવણીની તાતી જરૂર છે.

**- મેહુલ દોશી**
**સિવિલ એન્જિનીયર તથા જૈન અગ્રણી**

●●●

સે-૨૧માં આંતરિક રીંગરોડને પહોળો કર્યા પહેલા વચ્ચે ડિવાઈડર બનાવીને હવે કામ ગોકળગાય ગતિએ થઈ રહ્યું હોવાથી વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે, વળી રીંગ રોડ ફરતે સ્ટ્રીટલાઈટો બંધ હોવાના કારણે સલામતીના પ્રશ્નો પણ ઉભા થઈ રહ્યા છે.

**- હુસેન પટેલ**
**યુવા અગ્રણી, સે-૨૧**









**જન્મદિને વધામણી**


વૈશાલીબેન જોષી


વિવાન સંકેતભાઈ ઠાકર
મો. ૯૯૭૪૫ ૨૫૪૭૨


પલ્લવી ભાવેશકુમાર સોલંકી
મો. ૯૪૨૯૨ ૮૨૦૧૮


શિવાની રાજેશકુમાર ઝાલા
મો. ૯૯૭૯૦ ૦૩૪૧૦


ભૂમિકા અનંત પટેલ


વંશ ધ્રુવીત દરજી
મો. ૯૪૨૬૫ ૮૩૫૫૯

## સ્વર્ણિમ સ્ટાર્ટ અપ ઈનોવેશન યુનિ.માં ૨૧મીએ જોબ ફેર

ગાંધીનગર, તા. ૧૭

સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીમાં ૨૧મીએ જોબ ફેર યોજાશે. પોતાની કારકિર્દીને યોગ્ય દિશા આપવા અને નોકરીની ઉજ્જવળ તકો મેળવવા ઈચ્છતા યુવાનો માટે જોબ ફેરનું આયોજન કર્યુ છે. સ્વર્ણિમ યુનિ.ના ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સેલના જનરલ મેનેજર નીમીષ દવેએ જણાવ્યુ હતુ કે કોઈપણ પ્રવાહમાંથી આઈટીઆઈ, ડિપ્લોમાં, ગ્રેજ્યુએટ્સ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ આ જોબ ફેરમાં ભાગ લઈ શકે છે. ફક્ત સ્વર્ણિમ યુનિ.ના જ નહિ પરંતુ બહારના વિદ્યાર્થીઓ પણ આ જોબફેર માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. https://anubhandhan.gujart.gov.in પર જઈને વિગતો ભરવાની રહેશે. વિદ્યાર્થીઓ સારામાં સારી કંપનીમાં સારા પેકેજિસ પર જોબ મેળવી શકે તે માટે આ જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે.